
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી 'આક્રમણ' ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: 'દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.'

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ડિસેમ્બર ૫,૧૯૭૧ઃ આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

પાકિસ્તાને સામે ચાલીને વહોરી લીધેલા યુદ્ધના ત્રીજા દિવસે એટલે કે ડિસેમ્બર 5, 1971ના રોજ બનેલી ઘટનાઓ વર્ણવતા પહેલાં તેના આગલા દિવસે (ડિસેમ્બર 4ના રોજ) થયેલા એ સંઘર્ષને લગતું થોડું વિવરણ કે જે ગયા હપ્તામાં શરતચૂકે બાકાત રહી જવા પામ્યું. સંઘર્ષ Battle Of Longewala નામે ખૂબ જાણીતો છે. આ ઘટના પર ‘બોર્ડર’ નામની હિન્દી ફિલ્મ પણ બની, પરંતુ એમાં વાસ્તવિકતાને તડકે મૂકી માત્ર કલ્પનાના ઘોડા દોડાવવામાં આવ્યા. બૉલિવૂડની તે બોગસ ફિલ્મે પ્રસિદ્ધમાં લાવી દીધેલા લોંગેવાલાના સંગ્રામ વિશે ઘણું કહેવાયું – લખાયું છે, પરંતુ અહીં કેટલીક અજાણી બાબતો પર નજર કરીએ.

પશ્ચિમ મોરચે ભારત-પાક સરહદે ગુજરાત અને રાજસ્થાનના સીમાડાનો ચાર્જ સધર્ન કમાન્ડના લેફ્ટનન્ટ-જનરલ ગોપાલ ગુરુનાથ બેવૂરને સોંપાયો હતો.(બે વર્ષ પછી બેવૂર ભારતના સેનાપતિ નિયુક્ત થનાર હતા.) આના માટે તેમણે 11 Infantry Divisionને રાજસ્થાનના બાડમેર ક્ષેત્રમાં લાવી દીધી હતી. હવાઈ છત્ર માટે જામનગરથી 6 હન્ટર વિમાનો જેસલમેર ઍરબેઝ પર મંગાવી લેવામાં આવ્યાં હતાં. વિમાનોના આકાશી પહેરા વગર Infantryના એટલે કે પાયદળના અફસરો-જવાનો સુરક્ષિત રહી શકે નહિ. આથી વધુમાં સ્વદેશી બનાવટના HF-24 મારુત ઉત્તરલાઈ (બાડમેર) તેમજ જોધપુર ઍરબેઝ પર હતાં.



લેફ્ટનન્ટ-જનરલ ગોપાલ ગુરુનાથ બેવૂર

એક શરમનાક કટાક્ષ અહીં યાદ આવ્યા વગર રહેતો નથી. હિન્દુસ્તાન(H) ફાઈટર(F) એટલે કે HF-24 1960-61માં બનાવવામાં આવ્યાં કે તરત પરદેશી શસ્ત્રો ખરીદવાની તરફદાર લોબીએ તેમને વગોવવાનું શરૂ કરી દીધું. કૂતરાને ઠાર મારતાં પહેલાં એને હડકાયું જાહેર કરવું રહ્યું, માટે આયાતી શસ્ત્રોમાં કટકી ખાનારા વચટિયા લોકોએ સાવ પોકળ દલીલ કરી કે સુપરસોનિક પ્લેન બનાવવાનું નક્કી થયેલું, જ્યારે HF-24 સુપરસોનિક પુરવાર થયું ન હતું. ટૂંકમાં, HF-24 અવાજનાં મોજાં કરતાં વધુ ઝડપ પ્રાપ્ત કરી શકતું ન હતું. સ્વદેશી શસ્ત્રોના ઉદ્યોગને નિરંતર સૅબોટેજ કરતા રહેલા દેશદ્રોહી એવા દલાલોને પૂછવાનું થાય કે એ વખતે ભારતીય વાયુસેનાનાં હન્ટર, નેટ કે પછી મિસ્ટિયર અને કેનબેરા વિમાનો શું સુપરસોનિક હતાં? વાસ્તવિકતા તો એ કે HF-24ની પ્રહારશક્તિ હન્ટર કરતાં ઘણી વધારે હતી. દલાલોને પૂછવાનો થતો બીજો પ્રશ્ન: સ્વદેશી બનાવટનું HF-24 મારુત 1961માં

*૧૯૬૧માં જેમને યુદ્ધ માટે અયોગ્ય ઠરાવી દેવાયાં તે સ્વદેશી HF-24 મારુતને ૧૯૭૧માં મલ્ટિ-રોલ શસ્ત્રો તરીકે વાપરવામાં આવ્યાં. યુદ્ધમાં તેઓ ઝળક્યાં પણ ખરાં*



'નકામું' સાબિત થયેલું, તો પછી દસ વર્ષ બાદ 1971 ના ભારત-પાક યુદ્ધમાં એ પ્લેનનાં 3-4 સ્ક્વોડ્રન કેમ વાપરવા યોગ્ય લાગ્યા? આ સ્વદેશી વિમાનોએ સરહદપાર પાકિસ્તાનના કેટલાંક ઍરબેઝ પર બૉમ્બમારા કર્યા અને બાંગલાદેશમાં તો ડૉગફાઇટમાં સેબર જેટને પણ તોડી પાડ્યું.

પાકિસ્તાન ઍર ફોર્સના કરાંચી હવાઈ મથક અને રાજસ્થાનના બાડમેર (ઉત્તરલાઈ), જેસલમેર, રામગઢ અને જોધપુર વચ્ચે ઝાઝું અંતર નહિ.) પાકિસ્તાન ઍર ફોર્સે કરાંચી નજીક બદિન નામના હવાઈ મથકે F-104, સેબરજેટ તથા Mirage-3 એમ ત્રણ પ્રકારનાં શક્તિમાન ફાઈટર-બૉમ્બર્સનો કાફલો હંમેશના ધોરણે તહેનાત રાખ્યો હતો. બદિન પર અદ્યતન રડાર યંત્રો હતાં અને રખે યુદ્ધ થાય તો ભારતીય વાયુસેના તે ઈલેક્ટ્રોનિક આંખને ફોડી નાખવા બધું કરી છૂટે એ ખતરો પાક ઍર ફોર્સને હંમેશાં બેચેન રખતો હતો. બીજી તરફ બદિન પરનાં પાક વિમાનોને ભારતીય ઍર ફોર્સ રાજસ્થાનના માથે તોળાતી જોખમની તલવાર ગણતું હતું. આથી પ્રતિકાર માટે પૂર્વતૈયારી કરવામાં વેસ્ટર્ન કમાન્ડના વાયુસેનાપતિ એ. એમ. 'અસ્પી' એન્જિનિયરે સહેજ પણ કચાશ રહેવા ન દીધી. (આ પારસી સજ્જન 'અસ્પી'ના હુલામણા નામે સંબોધાતા હતા.) પૂર્વતૈયારી એટલે સુધીની કે આવશ્યકતા ખડી થાય તો એ સંજોગોમાં પુણે ખાતેના કૅનબેરા બૉમ્બરવર્ષક વિમાનોને પણ રાજસ્થાન ફ્રન્ટ પર લાવી દેવાનાં હતાં.


લોંગેવાલા ચોકીના મેજર કુલદીપસિંહ ચાંદપુરી



લોંગેવાલા સંઘર્ષનું આછું ચિત્ર


આ વાત ફરી વાર એ સંગીન હકીકતને અન્ડરલાઈન કરે છે કે દરેક યુદ્ધ વખતે Infantry તથા Armoured (બખ્તરિયા) Division ને આકાશી ઢાલ જોઈએ. રણનીતિના પાક આયોજકોએ એ સાદી વાતને મૂર્ખતાપૂર્વક નજરઅંદાજ કરી અને રાજસ્થાનના જેસલમેરને તથા રામગઢને જીતી લેવા ડિસેમ્બર 3-4ની રાત્રે હલ્લો બોલાવ્યો. પાકિસ્તાની બખ્તરિયા ડિવિઝનનો કમાન્ડર મેજર જનરલ મુસ્તફા પોતાની રણગાડીઓનાં બાવડાબળ પર મુસ્તાક હતો. દિમાગમાં વધુ પડતા આત્મવિશ્વાસના ફુવારા છૂટતા હતા, આથી માર્ગમાં લોંગેવાલાની સરહદી ચોકી જોવા મળી ત્યારે તેને સપાટા લેવાનું નક્કી કર્યું. ચોકીના રખેવાળ મેજર કુલદીપ ચાંદપુરી પાસે શસ્ત્રો અપૂરતાં હતાં અને જવાનો પણ બહુ ઓછા હતા. આમ છતાં જવાનોએ મેજર ચાંદપુરીની દોરવણી હેઠળ આક્રમણના જુવાળને દૃઢતાપૂર્વક લડત આપી. રણનીતિના બધા સ્થાપિત નિયમોનો ભંગ કરી મેજર-જનરલ મુસ્તફા જેસલમેર અને રામગઢ નામના હાથીઓનો શિકાર કરવા સડસડાટ ધસી જવાને બદલે પતંગિયું પકડવા પાછળ સમય બરબાદ કરી રહ્યો હતો. મેજર કુલદીપસિંહ ચાંદપુરીની લોંગેવાલા ચોકીને તે કેમે કરીને જીતી ન શક્યો અને વ્યર્થ પ્રયાસો કરવોમાં આખી રાત વેડફી નાખી, લડાઈના Strategic Doctrine/વ્યૂહાત્મક સિદ્ધાંત અનુસાર લોંગેવાલાની ચોકીને પણ આકાશી છત્રની તાતી આવશ્યકતા હતી, પરંતુ


ઍર માર્શલ એ. એમ. 'અસ્પી' એન્જિનિયર

જેસલમેર બેઝનાં હન્ટર વિમાનો એ કાજળઘેરી રાતે હુમલા કરી શકે એમ ન હતાં. પ્રભાતનું ભળભાખરું અજવાળું પથરાયું કે તરત હન્ટર લોંગેવાલા તરફ રવાના થયાં અને પાકિસ્તાનની રણગાડીઓનો ખુરદો કાઢી નાખ્યો. સ્ક્વૉડ્રન લીડર એફ. જે. મહેતા અને આર. એન. બાલી તથા ફ્લાઇટ લેફ્ટનન્ટ ગોસાંઇ, સુરેશ અને જસબીરસિંહ હન્ટરના પાઇલટ હતા. હવાઈ છત્રના અભાવે મેજર-જનરલ મુસ્તફા લાચાર હતો. પાકિસ્તાને બેટલ ઑફ લોંગેવાલામાં કારમો પરાજય વેઠ્યો, છતાં આશ્ચર્ય છે કે પાક બ્રિગેડના કમાન્ડરને પાકિસ્તાને સિતારે-જુર્રત વડે નવાજ્યો. મેજર-જનરલ મુસ્તફાને ડિસમિસ કર્યો. આ તરફ મેજર કુલદીપસિંહ ચાંદપુરીને મહાવીરચક્ર એનાયત કરવામાં આવ્યું.

લોંગેવાલામાં સંઘર્ષ થયો એ જ વખતે જામનગર પર પાકિસ્તાનનાં F-104 સ્ટારફાઇટર વિમાનો ચડી આવ્યાં. જામનગર ઍરબેઝના કમાન્ડિંગ ઑફિસર (1965ના યુદ્ધ દરમિયાન અપ્રતિમ સાહસ દાખવવા બદલ વીરચક્ર પ્રાપ્ત કરી ચૂકેલા) ગ્રૂપ કૅપ્ટન પી. ડબ્લ્યૂ. વિલ્સન હતા. પાકિસ્તાન ઍર ફોર્સ સારી પેઠે જાણતું કે કરાંચી નજીકના અત્યંત સંવેદનશીલ એવા બદિન હવાઈ મથક પર ઍર ઍટેક કરવા માટે ભારતીય વાયુસેના જામનગર ઍરબેઝે તહેનાત ફાઇટર-બૉમ્બર્સ વાપરે, એટલે જામનગરના રનવેને મોટા પાયે નુકસાન પહોંચાડવું જ રહ્યું. આ વાત વ્યૂહરચનાનો ખાસ્સો મહાવરો ધરાવતા ગ્રૂપ કૅપ્ટન પી. ડબ્લ્યૂ. વિલ્સનના પણ ધ્યાન બહાર ન હતી. આથી તેમણે અસલી રનવેથી સહેજ થોડેક દૂર નકલી રનવે તૈયાર કરાવી રાખ્યો હતો, જે વાસ્તવમાં રનવે જ ન હતો. માટી પર સિલેટિયા રંગનું માત્ર આવરણ પાથરી દેવામાં આવ્યું હતું. સાથોસાથ અસલી રનવેને તેમણે આસપાસની જમીન સાથે તેપ્રોત રહે એવા કાપડ વડે ઢંકાવી દીધો હતો. પાકિસ્તાનનાં બે સ્ટારફાઇટર્સ 4 ની રાતે ચડી આવ્યાં. ફ્લાઇટ લેફ્ટનન્ટ સોની અને ફ્લાઇટ લેફ્ટનન્ટ સહગલ નામના ભારતીય હવાબાજોએ MIG-21 ને K-13 ઍર-ટુ-ઍર મિસાઇલ્સ થકી વીંધી નાખ્યાં. સોનીએ જે F-104 ને નિશાન બનાવ્યું તે સમુદ્રમાં પડ્યું એ પહેલાં તેનો પાઇલટ ઈજેક્શન સીટનું બટન દાબી કોકપીટની બહાર નીકળી આવ્યો અને પૅરાશૂટ વડે સમુદ્રમાં ઊતર્યો. આ પાઇલટને શોધવા પાક નૌકાદળનાં જહાજોએ ઘણો પ્રયત્ન કર્યો, પણ ન તો તે જીવંત હાલતે મળ્યો કે ન તેનો મૃતદેહ હાથ લાગ્યો.

ડિસેમ્બર 5, 1971ની તારીખ ઘણાં સશસ્ત્રો મુકાબલાઓની સાક્ષી બની. પાકિસ્તાને આગ્રા પર લાગલગાટ 25 મિનિટ સુધી બૉમ્મમારો કર્યો, જ્યારે ભારતીય ઍર ફોર્સે પાકિસ્તાનના હુસેનીવાલા, મસરુર, ચંદરવાલા, લાહોર અને મિયાવાલી પર હવાઈ હુમલા કર્યા. હુસેનીવાલામાં 18 પાક






*હાલના વડા પ્રધાન લોંગેવાલામાં વીરતા પ્રદર્શિત કરી ચૂકેલા જવાનોને પુષ્પાંજલિ આપી રહ્યા છે.*

રણગાડીઓને તોડી નાખી. પાકિસ્તાને ત્યાર પછી આપણા ભુજ, ઓખા, શ્રીનગર, છામ્બ-જુરિયાઁ સેક્ટર, જમ્મુ, રાજૌરી સેક્ટર, પૂંચ તેમ જ પઠાણકોટ પર હવાઈ આક્રમણો કર્યાં. ભુજની બાબતમાં પાકિસ્તાન યુદ્ધના સ્થાપિત કાયદા-કાનૂનોનો સરેઆમ ભંગ કરી રહ્યું હતું. ભુજ ત્યારે નાગરિક ઍરપોર્ટ હતું. ભારતીય હવાઈ દળે ત્યાં હજી પોતાનું હવાઈ મથક સ્થાપ્યું ન હતું. પાકિસ્તાને બે વખત ભુજની હવાઈ સડક પર બૉમ્બ ફેંકી તેને સખત નુકસાન પહોંચાડ્યું. ભારત સરકારે આપણી વાયુસેનાને સૂચના આપી રાખેલી કે પાકિસ્તાનના નાગરિક વિસ્તારોને નિશાન બનાવવા નહિ. ટૂંકમાં, નાગરિક ઉડ્ડયન માટે વપરાતા ઍરપોર્ટને ઝફા ન પહોંચે તેનું ખાસ ધ્યાન રાખવાનું હતું. આ સંહિતાનો પાકિસ્તાને ભુજની બાબતમાં ભંગ કર્યો ત્યારે ભારતે જાહેરાત કરી કે આવી હરકત ફરી વખત થાય તો પછી ભારત પણ શત્રુને તેની ભાષામાં જવાબ આપવા તૈયાર હતું.

લડાઈમાં હોળીનું નાળિયેર ન બની જવાય એટલા માટે કરાંચીમાં રહેતા કેટલાક ઈરાનીઓ તેમના દેશના પાટનગર તહેરાન જતા રહ્યા હતા, જ્યાં તેમણે પત્રકારોને માહિતી આપી કે ડિસેમ્બર 3-4ની રાત્રે ભારતે પાકિસ્તાનના કરાંચી બંદરને જે પૂળો ચાંપેલો તેની જ્વાળાઓ હજી ભભૂકતી હતી. કરાચીમાં વાતાવરણ ભયનું હતું.

*લોંગેવાલા યુદ્ધનું સ્મારક આજે પાકિસ્તાનની કબજે લેવાયેલી રણગાડીઓ વડે અલંકૃત છે. ભારત માટે તે ગૌરવનું પ્રતીક અને પાકિસ્તાન માટે તેના ફૌજી અફસરોની મંદબુદ્ધિનું પ્રતિક છે.*




ભારતની આક્રમકતાને ધ્યાનમાં લેતાં લોકો પાક સૈન્યો પરનો ભરોસો ગુમાવી બેઠા હતા. સરમુખત્યાર જનરલ યાહ્યા ખાન પર તો મદાર રાખવાનો સવાલ જ રહેતો ન હતો. દિવસો પહેલાં યાહ્યા ખાને જાહેર કરેલું, 'આગામી દસ દિવસ સુધી હું રાવલપિંડીમાં ઉપલબ્ધ રહેવાનો નથી, કેમ કે ભારત સામેના યુદ્ધનું સંચાલન કરવા માટે બીજે જવાનો છું.' આ રીઢા પીયક્કડ 'બાટલીબૉય' કેવી રીતે સંચાલન કરતા એ શી ખબર અને શક્યતા તો એ છે કે દરેક આઘાતજનક સમાચાર પ્રાપ્ત થયા પછી તેઓ સ્કૉચ જેવી ચિત્તશામક 'દવા' લેતા હતા.

ભૂમિના મોરચે પાકિસ્તાનો ડોળો શકરગઢ પર હતો, કારણ કે ત્યાં જમ્મુ-કાશ્મીરને બાકીના ભારત સાથે જોડતી ભૌગોલિક પટ્ટી માત્ર ૪૭ કિલોમીટર પહોળી છે. આના સંદર્ભમાં ધ્યાન પર લેવા જેવી વાત એ છે કે યુદ્ધમાં હવાઇ દળનું અને નૌકાદળનું ગમે તેટલું મહત્ત્વ હોય, પણ હાર-જીતનો ફેંસ્લો છેવટે ક્યા દેશ તેના શત્રુ દેશની કેટલી જમીન તાબે કરી તેના વડે નક્કી થાય છે. આમ શકરગઢ, પઠાણકોટ અને ડેરા બાબા નાનક પર કબજો સ્થાપવા પાકિસ્તાને ૧૯૬૫ના યુદ્ધમાં ત્યાં વધુ આક્રમણો કર્યાં તે ભૌગોલિક વિસ્તાર ડિસેમ્બર 5 મીના રોજ પાણીપત બનવા લાગ્યો. (જુઓ. નકશો.) બેય પક્ષે અનેક સૈનિકોનો ભોગ લેતી અત્યંત લોહિયાળા લડાઇ ત્યાં થવાની હતી.



પ્રગટ થઇ ગયું છે....
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
■ નગેન્દ્ર વિજય
કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા ●
સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ ●
શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી ●
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઇન ખરીદો.